## વડીલોને વંદન અભિનંદન

તારાબેન અમૃતલાલ ત્રિવેદી
(૧૯૩૨) ફોન: ૨૩૨૪૧૫૨૪

કલ્યાણ યોજનાઓનો ગુચ્છ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિને ગુજરાતના સરકાર દ્વારા અગિયાર પ્રજા કલ્યાણની યોજનાઓનો ગુચ્છ અર્પણ કરાયો હતો. જનકલ્યાણની નવતર અગિયાર યોજનાઓમાં શ્રમ યોગીઓ માટે સ્વાવલંબન, સ્વાશ્રય અને સ્વાભિમાનનું મહત્વ અપાયું છે. પ્રધાનમંત્રીના હસ્તે લાભાર્થીઓને સહાયના ચેક અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટેબલેટ એનાયત કરાયા હતા. (તસવીર : દિપક જાની)

# જિનપિંગનું ભવ્યાતી ભવ્ય સ્વાગત

- ચીની પ્રમુખ શી જિનપિંગ તેમના પત્નિ સાથે ભારત યાત્રાની તેમની ત્રણ દિવસની યાત્રાએ અમદાવાદ શહેરમાં પહોંચ્યા
- અમદાવાદ વિમાની મથકે ચીની પ્રમુખનું લાલ જાજમ બિછાવીને મુખ્યમંત્રી આનંદીબેન અને રાજ્યપાલ કોહલી સહિત અન્યો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું
- બોઈંગ વિમાન મારફતે ૨.૪૦ વાગે અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા
- ભારતીય પરંપરા મુજબ ચીની પ્રમુખનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું
- વિમાની મથકે જ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા
- ચીની પ્રમુખને વિમાની મથકે ગાર્ડઓફ ઓનર આપવામાં આવ્યું
- વિમાની મથકથી ચીની પ્રમુખ સીધા હોટલ હયાત પહોંચ્યા જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું
- મોદીને જિનપિંગે જન્મદિવસની શુભેચ્છા પણ પાઠવી
- હોટલ હયાતમાં જિનપિંગ અને મોદીની ઉપસ્થિતિમાં ત્રણ કરાર પણ કરવામાં આવ્યા
- ત્રણ કરાર પૈકી એક કરાર અમદાવાદ અને ચીનના મોટા શહેર ગ્વાંગજોઉ શહેર વચ્ચે કરાયો
- હોટલમાં થોડાક સમય સુધી વાતચીત બાદ મોદી અને ચીની પ્રમુખ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આશ્રમ ગાંધી આશ્રમમાં પહોંચ્યા
- ચીની પ્રમુખ ભારતની મુલાકાત લેનાર લાંબા ગાળા બાદના ચીની નેતા બન્યા
- વિમાની મથકે આદિવાસી લોકનૃત્ય પણ રજૂ કરવામાં આવ્યું
- ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત આવું બન્યું છે જ્યારે કોઈ દેશના વડાને વિમાની મથકે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે
- એર ચાઈનાના વિમાન મારફતે જિનપિંગનો કાફલો પહોંચ્યો હતો
- જિનપિંગની સાથે તેમના પત્નિ અને ચીની પ્રતિનિધિ મંડળ પણ પહોંચ્યું
- ૨.૪૦ વાગે વિમાની મથકે પહોંચ્યા બાદ ૩.૧૫ કલાકે હોટલ હયાત જવા માટે રવાના થયા
- રાજ્યના મંત્રીમંડળના સભ્યો પણ વિમાની મથકે ઉપસ્થિત રહ્યા
- જિનપિંગની યાત્રાને ધ્યાનમાં લઈને શહેરનાા ઘણા રસ્તાઓને બંધ કરવાની ફરજ પડી
- જિનપિંગ અને મોદીના કાફલાને કોઈ તકલીફ ન પડે તે માટે આયોજન કરવામાં આવ્યું
- અમદાવાદ શહેર લશ્કરી છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું
- ૪૦૦૦થી પણ વધુ પોલીસ જવાનો સુરક્ષામાં તૈનાત કરવામાં આવ્યા
- શહેરના તમામ માર્ગો ઉપર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા
- ઘણી જગ્યાઓએ ટ્રાફિકની તકલીફ પણ ઉભી થઈ
- ગાંધી આશ્રમમાં ઘણી બધી ભેટ પણ ચીની પ્રમુખને અપાઈ
- સાબરમતી આશ્રમ ખાતે થોડાક સમય સુધી રોકાયા બાદ જિનપિંગ અને મોદી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પહોંચ્યા
- મોદીના ૬૪માં જન્મદિવસની પણ ઉજવણી કરવામાં આવી
- ડિનર માટે મેન્યુમાં ૧૫૦થી વધુ ગુજરાતી ડિસ રાખવામાં આવી
- ગુજરાતના જુદા જુદા ભાગો અને હોટલ ટીમ મુંબઈ અને દિલ્હીથી પણ બોલાવવામાં આવી
- મોદીના અંગત કુક બદ્રી દ્વારા ફુડની પસંદગી ઉપર નજર રાખવામાં આવી
- સાંજે બંને નેતાઓ દિલ્હી માટે રવાના થયા
- આવતીકાલે ગુરુવારે મોદી અને જિનપિંગ હૈદરાબાદ હાઉસ ખાતે વાતચીત કરશે
- હૈદરાબાદ હાઉસ ખાતે વાતચીત બાદ કેટલીક સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવશે
- બંને પક્ષો વચ્ચે રેલવે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ઘણી સમજૂતિ થશે

પ્રધાનમંત્રીને શુભેચ્છા - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૬૫મી વર્ષગાંઠે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અનોખી રીતે શુભકામનાઓ પાઠવી હતી. રાજભવનની બરાબર સામે તેમના નિવાસસ્થાન પાસે આકર્ષક હોર્ડીંગ ઉભું કરી શુભેચ્છા પાઠવી હતી. (તસવીર : દિપક જાની)

## બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા ફરતા ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

આવી આસો સુદ અજવાળી હો રાત....માં અંબાના નવલા નોરતાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ફરતા ગરબાની સ્પર્ધા યોજાશે. અલગ વય જૂથ પ્રમાણે ગરબા યોજાશે.

મહિલા પાંખ દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બર રવિવાર બપોરે ૨-૦૦ વાગે બ્રહ્મભવનના વિશાળ પટાંગણમાં અલગ અલગ વય જૂથ માં ફરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫ થી ૧૦ વર્ષના છોકરા અને છોકરીઓ, ૧૧ થી ૨૦ વય જૂથ, ૫૧ થી ૫૫ વય જૂથ અને ૫૬ વર્ષથી ઉપરની મહિલાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બ્રહ્મસમાજની બાળાઓ અને મહિલાઓએ કું. અંજના ગોર ૯૪૨૮૭ ૩૩૯૬૫, શ્રીમતી આશાબેન ભટ્ટ ૨૩૨૫૬૫૬, શ્રીમતી જ્ઞાનદેવી ઉપાધ્યાય-૨૩૨૪૧૪૫૨ અને બ્રહ્મભવન ૨૩૨૩૫૯૩૯ પર સંપર્ક કરવા પ્રતિભાબેન દવેએ જણાવ્યું છે.

## હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં ૨૬મો યુવા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૭

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે ૨૬મો યુવા મહોત્સવ યોજવામાં આવશે. યુવા મહોત્સવનો શુભારંભ ૧૯મી સપ્ટેમ્બર સવારે ૧૧.૦૦ વાગે કરવામાં આવશે.

પાટણ યુનિવર્સિટીના કાન્વેન્શન હોલમાં યોજાનાર યુવા મહોત્સવમાં પ્રો. ડૉ. આર.એલ. ગોદરા, કુલપતિ અને ડૉ. દિપુબા દેવડા ઉપકુલપતિ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, તેમજ અતિથિ વિશેષ તરીકે રમેશભાઈ પ્રજાપતિ ટ્રસ્ટી વિદ્યાસાગર બી.એડ. કોલેજ દાણોદરડા અને દિલીપભાઈ ચૌધરી ટ્રસ્ટી સાર્વજનિક કેળવણી મંડળ મહેસાણા ઉપસ્થિત રહેશે. યુવા મહોત્સવ ત્રણ દિવસ ચાલશે જેનું સમાપન ૨૧ સપ્ટેમ્બર સવારે ૧૧ કલાકે કરવામાં આવશે.

## માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો

માણસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો તરીકે પ્રમુખ તરીકે પ્રો. ભોળાભાઈ પટેલ દેલવાડ, મંત્રી તરીકે બાબુલાલ પંચાલ સલાહકાર તરીકે રાયમલભાઈ દેસાઈની વરણી કરવામાં આવેલ છે.

## આરાધના વિદ્યાવિહારમાં હિન્દી દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

દર વર્ષે રાષ્ટ્રભાષા હિન્દી દિવસ તરીકે ૧૪મી સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે. આરાધના વિદ્યાવિહારમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના હિન્દી શિક્ષક શ્રી કમલેશભાઈ પરમારે 'હિન્દી ભાષા કા મહત્વ કલ આજ ઔર કલ' વિષય પર વક્તવ્ય આપી હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ કબીર-રહીમના દોહાનું ગાન હિન્દી વાંચન સ્પર્ધામાં ભાગ લીધો હતો.

બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગર વાદ-વિવાદ પ્રતિયોગિતામાં શાળાના વિદ્યાર્થીઓ વાઘેલા યુવરાજસિંહ મોદી, ધ્રુવિલ અને પવાર જૈનમે ભાગ લીધો હતો. બેંક તરફથી ઈનામો તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. આચાર્યશ્રી એચ.એસ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ વક્તૃત્વમાં દ્વિતીય

શિક્ષણ-માહિતી અને રોજગાર કચેરીના ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી અંતર્ગત શાળા વિકાસ સંકુલ કક્ષાએ આયોજિત નિબંધ સ્પર્ધા અને કારકિર્દી આયોજન સપ્તાહના સમાપનના કાર્યક્રમ જામળા મુકામે યોજાયો હતો. જેમાં જિલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધામાં આરાધના વિદ્યાવિહાર સેક્ટર-૨૮નો વિદ્યાર્થી વાઘેલા યુવરાજસિંહ ચંદુભાનો દ્વિતીય નંબરે વિજેતા થયા હતા. મેનેજિંગ ટ્રસ્ટી રમણભાઈ પટેલ તથા કારકિર્દી શિક્ષકશ્રી કમલેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પેથાપુર કન્યા શાળામાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર કન્યા શાળા નં. ૧ ખાતે શિક્ષક દિનથી ઉજવણી કરવામાં આવી. નિવૃત્ત શિક્ષકશ્રીઓ, વાલીઓ, વેપારીઓ અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ આદર્શ વસ્ત્ર પરિધાન કરી બાળકોને શિક્ષણ આપતા હતા અને વર્ગ શિક્ષકો મૂલ્યાંકન કરેલ હતુ. પાંચ દિવસના જ્ઞાનસત્રમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આચાર્ય શ્રીમતી હસુમતીબેન જાદવ તથા સ્ટાફ તરફથી બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામો આપવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ શિક્ષકશ્રી ડાહ્યાભાઈ રાવલે ૫૦૦ રૂપિયા ભેટ આપી પ્રોત્સાહન પુરૂ પાડેલ હતુ. સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા મેનેજરશ્રી બારોટ ઉપસ્થિત રહ્યા હતા. બેંક તરફથી કોમ્પ્યુટર ભેટ મળેલ હતુ. આચાર્યશ્રી જીતુભાઈ ભાવસાર અને કોકીલાબેન ભાવસારે મહેમાનોનું સન્માન કર્યું હતુ.

## સેકટર-૧૭માં નવરાત્રિ શાનદાર ઉજવાશે

સેકટર-૧૭માં નવરાત્રિ શાનદાર ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. નવરાત્રિ મહોત્સવ સમિતિની મીટીંગમાં પ્રમુખશ્રી રજુજી બી. ગોલની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ પરમાર, શ્રી સમીરભાઈ પંડિત (તેજ ઓપ્ટીકલ્સ) ભરતભાઈ ગોસ્વામી, કનુભાઈ એસ. રાવલ, શ્રી દિપકભાઈ પરમાર, મંત્રીશ્રી રમેશભાઈ એસ. વાળંદ, મહામંત્રી શ્રી પૃથ્વીરાજ વી. ઉદાવત, ખજાનચી શ્રી જીગરભાઈ બી. ત્રિવેદી, સલાહકાર સમિતિ ડૉ. ઠેકડી, શ્રી મુકુંદભાઈ સુખડિયા, શ્રી પોખરાજ મિસ્ત્રીની નિમણુંક કરવામાં આવી છે.

## લાલજાજમ બિછાવી સ્વાગત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા બાદ ચીની પ્રમુખ સીધા હોટલ હયાત જવા રવાના થયા હતા. ચીની પ્રમુખના ત્યારબાદ એક પછી એક કાર્યક્રમો શરૂ થયા હતા. હોટલમાં પહોંચ્યા બાદ નરેન્દ્ર મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ થોડાક સમય સુધી હોટલમાં રોકાયા બાદ ચીની પ્રમુખ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આશ્રમ ગાંધી આશ્રમ ખાતે પહોંચ્યા હતા જ્યાં તેમની સાથે નરેન્દ્ર મોદી પણ રહ્યા હતા. જિનપિંગની સાથે ચીની પ્રતિનિધિમંડળના સભ્યો અને મિડિયાના સભ્યો પણ પહોંચ્યા હતા. જિનપિંગની સાથે પ્રતિનિધિમંડળનો વિશાળ કાફલો પણ પહોંચ્યો છે.

અગાઉ બપોરે ૨.૪૦ વાગે એર ચાઈનાના બોઈંગ ૭૪૭ મારફતે જિનપિંગ અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા હતા. જ્યાં તેમનું પરંપરાગતરીતે સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત એવી ઘટના બની છે જ્યારે કોઈ દેશના વડાને વિમાની મથકે જ ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે. જિનપિંગ ૩.૧૫ વાગ્યાની આસપાસ હોટલ હયાત જવા રવાના થયા હતા. હોટલમાં કરારો પણ થયા હતા. ત્યારબાદ મોદી અને જિનપિંગ બંને ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. જિનપિંગની ભારત યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. વિમાની મથકથી લઈને વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી હોટલ સુધી દરેક રસ્તાઓ ભરચક રાખવામાં આવ્યા હતા.

તેમના સ્વાગત માટેના હોલ્ડિંગ ચારેબાજુ જોવા મળ્યા હતા. વિમાની મથકે પહેલાથી જ ખાસ તૈયારી કરવામાં આવી હતી. કોઈપણ વિદેશી વડાએ રાષ્ટ્રીય પાટનગરની બહારથી તેમની યાત્રાની શરૂઆત કરી છે. તેમનું વિમાન આજે બપોરે નિર્ધારિત સમય કરતા ૨૦ મિનિટ મોડુ પહોંચ્યું હતું. મોડેથી મહાત્મા ગાંધીના સાબરમતીના આશ્રમના કાર્યક્રમ બાદ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચીની પ્રમુખ માટે ખાસ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીની પણ આ પ્રથમ ગુજરાત યાત્રા છે.

## મોં મીઠું કરાવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને તેમનો જન્મ દિવસ મનાવવા શક્તિ અને નાણા વાપરવાને બદલે તેનો ઉપયોગ જન્મુ-કાશ્મિરમાં આવેલ પૂરના પીડીતોને મદદ કરવા હાંકલ કરી હતી. નરેન્દ્ર મોદીને તેમના જન્મદિવસે તેમની માતાએ આપેલ શુકનના રૂપિયા ૫૦૦૧ પણ તેમણે કાશ્મિરના પીડીતોને આપી દીધા હતા. નરેન્દ્ર મોદીના તમામ ચાહકોએ તેમનો જન્મ દિવસ ઉલ્લાસપૂર્ણ રીતે ઉજવ્યો હતો.

ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે ૧૨ વર્ષ સુધી સાશન કરીને લોકહૃદયમાં વિશિષ્ઠ સ્થાન મેળવનાર નરેન્દ્ર મોદીને રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ જન્મ દિવસની અનોખી ઉજવણી કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મોદીના જન્મ દિવસે તમામ સુરક્ષા કર્મીઓને સવારે પોતાના બંગલે બોલાવી મિઠાઈ ખવડાવી હતી. પોતાના જીવના જોખમે પણ લોકપ્રતિનિધિઓની રક્ષા કરતા અને દિવસ-રાત, ઋતુ કે તહેવાર જોયા વગર ખડેપગે પોતાની ફરજ બજાવતા સુરક્ષા કર્મીઓને શિક્ષણ મંત્રીએ આજે સવારે પ્રેમથી મિઠાઈ ખવડાવી હતી.

તેમની આ આગવી રીતે વડાપ્રધાનના જન્મનદિવસની ઉજવણીથી તમામ સુરક્ષાકર્મીઓમાં આનંદની લાગણી પ્રવર્તી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વડાપ્રધાનને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવતુ એક વિશાળ હોર્ડીંગ પણ લગાવડાવ્યુ હતુ. જેમની સાથે વર્ષોથી કામ કર્યું છે તેવા નરેન્દ્ર મોદી પ્રતિ તેમનો અહોભાવ તેમણે આ રીતે વ્યક્ત કર્યો હતો.

## ટંકારા વિધાનસભામાં વિજય બદલ ભાજપે આભાર માન્યો

તાજેતરમાં યોજાયેલી ટંકારા વિધાનસભાની પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર બાવજીભાઈ મેતલીયા વિજયી થયા છે તેમના આ વિજય માટે મોરબીના ભાજપના અગ્રણી બ્રિજેશ મેરજાએ કાર્યકરો અને અગ્રણીઓને તેમણે કરેલ ભારે મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ ચુંટણીમાં ભાજપના ઉમેદવાર અને કાર્યકરોએ ૨૧ દિવસ સુધીમાં ૧૪૬ ગામોનો પ્રવાસ કરી સખત મહેનત કરી વિજય અપાવ્યો હતો તેવા ઉલ્લેખ સાથે તેમણે કોંગ્રેસના ઉમેદવાર પર તકવાદી હોવાનો અને બિન લોકશાહી ઢબે ઉમેદવારી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે ભાજપના ઉમેદવારે પક્ષ સાથે વફાદારીનું ધોરણ અપનાવી પ્રજાકીય હિતો માટે સતત લોકો વચ્ચે રહેવાને કારણે પ્રજાએ વિજય અપાવ્યો હોવાનું જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૫૦૮



### આડી ચાવી

૧. પાણીથી ઢંકાયેલો ખડક(૩)
૩. મશીનથી સિલાઇ કરતી વખતે મશીનની ખરાબીના લીધે... આવે (૨)
૫. નશો કરવા ઉપર પ્રતિબંધ (૪)
૭. રાજાઇ ઠાઠથી રહેવું (૪)
૮. પથારી (૨)
૯. જાદુ, કરતબ (૩)
૧૩. વાંદરો, કપિ (૩)
૧૪. પહેલાના સમયમાં રાજા... તેના વારસદારને મળતી (૪)
૧૬. શક્તિ, સેલ (૩)
૧૭. બોટ્યા વગરનું (૩)
૧૯. તોફાન, મસ્તી (૩)

### ઊભી ચાવી

૧. નાનો ઝગડો, મતભેદ (૪)
૨. કુંડામાં ઉગાડાતા મોટા વૃક્ષ (૪)
૩. વાવાઝોડા સાથે પવન ફુંકાય (૨)
૪. પેકટીસ, અભ્યાસ (૩)
૬. કિનારો (૩)
૮. તહેવારોમાં કપડા વગેરેના... લાગે છે (૨)
૧૦. પ્રતિષ્ઠાના પ્રતિક સમો, સાડીનો માથે ઓઢાતો ભાગ(૫)
૧૧. ઇચ્છા, મહેચ્છા (૪)
૧૨. હિન્દુઓનું પ્રાર્થના સ્થળ(૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)

### શબ્દાવલી ૫૫૦૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેસુમાર (૪) ઘાતકી (૬) ગજુ (૭) સારસ (૯) કીલકારી (૧૧) લસરપટ્ટી (૧૨) પાતાળ (૧૩) બર્થડે પાર્ટી (૧૬) હડપ (૧૮) પાયમાલ (૧૯) વાવડ

**ઊભી ચાવી :-** (૧) બેમિસાલ (૨) માગસર (૩) રજુ (૪) ઘાયલ (૫) ફીકરી (૮) રસ (૯) કીટ્ટી પાર્ટી (૧૦) કાસળ (૧૪) પાયલ (૧૫) કાપડ (૧૬) હવા (૧૭) ડવ

## કંપની સમાચાર

### દુબઈએ અમદાવાદમાં સૌથી સમૃદ્ધ ફોટોગ્રાફી એવોર્ડ હિપાની જાહેરાત કરી

સમગ્ર વિશ્વમાં ફોટોગ્રાફીના બધા જ ચાહકોને એક અજોડ મંચ પુરૂ પાડવા અને કળા, સંસ્કૃતિ તથા નવીનતાને પ્રોત્સાહન તથા સહયોગ આપવા માટે દુબઈએ વિશ્વમાં સૌથી સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત ફોટોગ્રાફી એવોર્ડ્સમાંના એક એવોર્ડ સાથે પહેલ કરી છે. હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મખતૂમ ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી એવોર્ડ (હિપા) તેની ચોથી સીઝનમાં ભાગ લેવા માટે ગુજરાત અને ભારતના બધા જ ફોટોગ્રાફર્સને આમંત્રણ આપે છે.

દુબઈની કલાત્મક વ્યૂહરચનાના ભાગરૂપે દુબઈના ગવર્નર અને વડાપ્રધાન તથા યુએઈના ઉપપ્રમુખ શેખ મોહમ્મદ બિન રશિદ અલ મખતુમની હાજરીમાં દુબઈના યુવરાજ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રશિદ અલ મખતુમ દ્વારા માર્ચ ૨૦૧૧ માં હિપાની સ્થાપના કરવામાં આવી હતી. હિપાની એક ટીમ અમદાવાદમાં ત્રણ દિવસના ઈન્ડિયા ફોટો વીડિયો ટ્રેડ ફેર ૨૦૧૪ માં ભાગ લેશે. ઉપરાંત આ ઈવેન્ટ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી વર્કશોપનું પણ આયોજન કરાયું છે.

### સીમારૂ એન્ટરટેઈનમેન્ટના ઈસ્યુને મળેલો અભુતપૂર્વ પ્રતિસાદ

સીમારૂ એન્ટરટેઈનમેન્ટ ૧૫૫ થી ૧૭૦ ના પ્રાઈસ બેન્ડ સાથે પ્રારંભિક પબ્લીક ઈસ્યુ સાથે મુડી બજારમાં પ્રવેશી છે. આ ઈસ્યુ ૧૬ સપ્ટેમ્બરે ખુલ્યો હતો અને આવતીકાલ તા. ૧૮ સપ્ટેમ્બર એટલે કે આજે બંધ થઈ રહ્યો છે. રોકાણકારો માટે આજે આ શેરમાં રોકાણ કરવાની ઉત્તમ તક છે. હાલ આ ઈસ્યૂ સંપૂર્ણપણે ભરાઈ ગયો હોવા છતાં પણ આજે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

ભારતની સૌથી જૂની અને સૌથી મોટી એન્ટરટેઈનમેન્ટ બ્રોડકાસ્ટ શેમારૂનો સમાવેશ થાય છે. કંપની બ્રોડકાસ્ટ સિન્ડીકેશન (ટીવી ચેનલોને ફિલ્મના લાઈસન્સ) ન્યૂમિડીયા (મોબાઈલ, ઈન્ટરનેટ) હોમ વિડીયો (વીસીડી ડીવીડી અને બ્લુરે) જેવા વિવિધ મિડીયા પ્લેટફોર્મ માટે ફિલ્મ કન્ટેન્ટ ડિસ્ટ્રિબ્યુશનનો બિઝનેશ કરે છે. શેમારૂ આ મીડીયા પ્લેટફોર્મ માટે ૨૯૧૪ ફિલ્મોની લાઈબ્રેરી ધરાવે છે. આમાંથી ૭૫૯ ફિલ્મો માટેનો તેમનો કાયમી અધિકાર છે. આ ઉપરાંત કંપની ૨૧૫૯ ફિલ્મના મર્યાદિત સમયગાળા માટેના હક્કો ધરાવે છે. આમ કંપની દ્વારા નવા મીડીયાને લઈને તેની આવકમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

કંપની પબ્લીક ઈશ્યૂ મારફત ૧૨૦ કરોડ એકત્ર કરવા માંગે છે. તેમાંથી ૧૦૬ કરોડનો ઉપયોગ કાર્યકારી મુડી તરીકે કરવાની યોજના ધરાવે છે. આનો અર્થ એવો થયો છે કે કંપની નવી અને જૂની ફિલ્મના હક્કો ખરીદવા આ નાણાનો ઉપયોગ કરશે. જે એક સારી કંપનીની પોઝીશનનો અહેસાસ કરાવે છે.

નોંધનીય બાબત એ છે કે કંપનીની ફાઈનાન્સીયલ પરિસ્થિતિ પણ ખૂબ જ મજબુત છે. છેલ્લા ત્રણ વર્ષમાં કંપનીની આવક ૧૯ ટકાના સીએજીઆરએ વધીને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ૨૬૫ કરોડ થઈ હતી. આ સમયગાળાનો ચોખ્ખો નફો ૧૬ ટકાના સીએજીઆરએ વધીને ૨૭ કરોડ થયો હતો. છેલ્લા ઘણા વર્ષમાં ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન ૨૫ ટકા અને સરેરાશ નેટ પ્રોફિટ માર્જિન આસરે ૧૦.૬ ટકા થયું છે.

### આસ્કમી બજાર રજૂ કરે છે નાના વ્યાપારો માટે ઓનલાઈન પ્રોક્યોરમેન્ટ સર્વિસ

આસ્કમી બજાર દ્વારા નાના વ્યાપારીઓની જરૂરિયાતોને સંતોષવા ઓનલાઈન પ્રોક્યોરમેન્ટ સેવાઓ રજૂ કરવામાં આવી છે. આ સેવામાં નાના વ્યાપારીઓ પોતાની જરૂરિયાતો જેવી કે માલની ખરીદી, તપાસ વગેરે માટે દેશભરમાંથી સપ્લાયરો સાથે આ પોર્ટલ મારફતે સંપર્ક કરીને વ્યાપાર કરીને વધારે ફાયદો મેળવી શકે છે. આ સેવામાં સપ્લાયરોની શોધ થઈ શકે છે. ઉપરાંત પ્રોડક્ટોની સરખામણી, સેમ્પલના ઓર્ડરો, ક્વોટેશન અને ઓનલાઈન ઓર્ડરો વગેરે આસ્કમી બજાર દ્વારા થઈ શકે છે.

આસ્કમી બજાર હોલસેલમાં નોંધણી કરાવવા વાર્ષિક રૂ. ૧૦૦૦ નું લવાજમ ભરવાનું હોય છે. નાના વ્યાપારો જેવા કે હોટલ, હોસ્પિટલ, સ્પા, નાની ઓફિસો, ફેક્ટરીઓ વગેરે પસંદગી કરી શકે છે. અને નિર્ધારિત સેવાઓ લઈ શકે છે. આસ્કમીબજાર આ નવી સેવા હાલમાં ઉપલબ્ધ લિસ્ટીંગ અને ડિરેક્ટરીઓ સેવાઓથી ઘણી જુદી પડે છે. આ સેવાને કારણે ઈન્ટરનેટનાં માધ્યમ થકી ડાયરેક્ટર ટ્રાન્ઝેક્શન્સ અને કોમ્યુનિકેશન થઈ શકે છે. આ પોર્ટલ પર તમામ સપ્લાયર્સ સંપૂર્ણ કોન્ટેક્ટ ડિટેલ્સ સાથે લિસ્ટ થયેલા છે. આથી ખરીદનારાઓ તેમનો ડાયરેક્ટ સંપર્ક કરી શકે છે.

હોટલ એન્ડ રેસ્ટોરન્ટ ઈક્વિપમેન્ટ મેન્યુ એસોસિએશન ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર શ્રી અરવિંદ ખન્નાના જણાવ્યા અનુસાર અમને આ નવા પ્લેટફોર્મથી ઘણો ફાયદો થયો છે. આ પોર્ટલને કારણે બાયર અને સેલર એમ બંને માટે જીતની પરિસ્થિતિનું નિર્માણ થશે.

## સ્વાવલંબન અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત સરકારે શ્રમ યોગીઓના લાભાર્થે ખાસ કરીને મહિલાઓ અને યુવાનોને કેન્દ્રમાં રાખીને ગરીબલક્ષી પહેલની શરૂઆત કરી છે. જેથી તેમને ગરીબીની સામે લડવા માટે સક્ષમ બનાવી શકાય, તેમ તેમણે ઉમેર્યું હતું. આનાથી શ્રમ જયતેની ભાવના પેદા થશે, તેમ તેમણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં મહિલાઓ પશુપાલન અને દૂધ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં અગ્રેસર અને સક્રિય છે અને આ યોજના દ્વારા તેમને સશક્ત બનાવીને લાભ ઉપલબ્ધ કરાવી શકશે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કાર્યરત આઈટીઆઈ દ્વારા સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી વિદ્યાર્થીઓ તેમના કૌશલ્યો અને ક્ષમતાઓને બહાર લાવી શકે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, નિયો-મિડલક્લાસને પણ સ્વાવલંબનની મા-વાત્સલ્ય યોજનાથી સુરક્ષા મળી રહેશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સમયમાં ગુજરાત રાજ્યને સ્વર્ણિમ ગુજરાત પરિવર્તિત કર્યું હતું જે આજે વિશ્વના નક્શામાં ઝળહળતો સિતારો બની ચુક્યો છે. નરેન્દ્ર મોદી દ્વારા પ્રસ્તુત વિકાસ પથ પર ચાલી રહેલ રાજ્ય સરકાર દ્વારા આરંભ કરાયેલ સ્વાવલંબન અભિયાન ગુજરાતના ખુણે-ખુણે લોકોને સ્વાવલંબી બનાવવામાં પ્રેરક બનશે. જ્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતમાં કલ્યાણ રાજ્યના અભિગમને ચરિતાર્થ કરતી ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓના વડાપ્રધાનના જન્મદિવસે શુભારંભને વંચિતો-ગરીબો માટે અણમોલ અને ઐતિહાસિક ભેટ ગણાવી હતી. આનંદીબેને આ યોજનાઓના મૂળમાં ગરીબો-વંચિતોને પણ વિકાસની મુખ્યધારામાં સામેલ થવાની તક આપવાની ગરીબોના બેલી તરીકેની નરેન્દ્ર મોદીની પ્રતિબધ્ધતા રહેલી છે તેમ પણ ઉમેર્યું હતું. મુખ્યમંત્